# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: જયદીપ વૈષ્ણવ

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

તારીખ :24-03-2024 સમય: સાંજે : ૬:૨૫

## હોળી - ધૂળેટી ઉત્સવ

આજે હોલિકા દહન નું પર્વ સમગ્ર જિલ્લા માં શ્રધ્ધા અને ભક્તિ ભાવ પૂર્વક ઉજવાઈ રહ્યું છે હોળી નો ઉત્સવ એ રંગોત્સવ પર્વ છે અસત્ય પર સત્ય ના વિજય નું પર્વ છે ભક્ત પ્રહલાદ ની ભક્તિ નાં વિજય નું પ્રતીક પર્વ છે આજે સાંજ ઢળતાં જ ચોરે અને ચૌટે વિવિધ દેવ મંદિરો માં હોળી નું પૂજન કરી હોળી પ્રાગટ્ય કરવા માં આવે છે. આજે હોળી પર્વ સાથે ચંદ્ર ગ્રહણ થશે પણ ભારત માં ક્યાંય એ જોવા નહિ મળે આવતી કાલે રંગભરી ધુળેટી ઉજવવા લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે

દરમિયાન સોસીયલ મીડિયા પ્લેટફોર્મ પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને હોળીની શુભકામનાઓ પાઠવી.રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌ નાગરિકોને હોળી-ધૂળેટી પર્વની શુભકામનાઓ પાઠવી છે અને આ પર્વ પ્રેમ, સદભાવના અને એકતા સમયે ઉમંગનું પર્વ બની રહે તેવી આશા વ્યક્ત કરી છે.

RNU AHMDAVAD

---

## લોકસભા ચૂંટણી

કચ્છમાં લોકસભાની સામાન્ય ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે તંત્ર દ્વારા વ્યાયામ શરૂ કરાયો છે, જેના ભાગરૂપે કચ્છની શાળાઓમાં ત્રણ લાખ દસ હજાર બસ્સો બાસઠ સંકલ્પપત્રો અપાયા છે, જે છાત્રો પોતાના વાલીઓ પાસેથી ભરાવી, 1 એપ્રિલ સુધીમાં પરત કરશે. પ્રાથમિક શાળાના કુલ બે લાખ પચીસ હજાર છસો દસ વિદ્યાર્થીઓ તેમજ જિલ્લાની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં બાવીસ હજાર આઠસો ત્રીસ, ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ઓગણત્રીસ હજાર નવાણુ અને ખાનગી માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં બત્રીસ હજાર સાતસો ત્રેવીસ મળીને કુલ ત્રણ લાખ દસ હજાર બસ્સો બાસઠ સંકલ્પપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

NP/ જયદીપ વૈષ્ણવ

---

## ટીબી દિવસ

આજે ક્ષય દિવસના ઉલક્ષમાં જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા જાગૃતિ વિષયક કાર્યક્રમ યોજાયા હતા. જિલ્લા ક્ષય અધિકારી ડો.મનોજ દવેના જણાવ્યા પ્રમાણે,કચ્છમાં હાલે ટીબીના 1570 એક્ટિવ કેસ છે જેમાં ગંભીર દર્દીની સંખ્યા 60 થી 70 જેટલી છે. તાજેતરમાં સરકાર દ્વારા જિલ્લાને ટીબીના બે એક્સ રે મશીન અપાયા છે. આ મશીન એઆઈ સંચાલિત અને હરતા ફરતા છે. આ મશીનથી અત્યારસુધી 1200 વ્યક્તિના એક્સરે રિપોર્ટ કરાવવામાં આવ્યા છે. ક્ષયરોગની સારવાર દર્દીને વિના મૂલ્યે આપવામાં આવે છે તેમ જિલ્લા ક્ષય અધિકારીએ જણાવ્યું હતું.

NP/ જયદીપ વૈષ્ણવ

---

## તિજોરી કચેરી

માર્ચ મહિનો અંત ભણી હોતાં કચ્છ જિલ્લા તિજોરી કચેરી સહિતની કચેરીઓમાં ચાલુ નાણાકીય વર્ષના ચુકવણા માટેનો ધમધમાટ ચાલી રહ્યો છે ત્યારે શુક્રવારે જાહેર રજા હોવા છતાં પણ કચ્છની તમામ સબ રજિસ્ટ્રાર કચેરીઓ ચાલુ રહેશે. મુન્દ્રામાં દસ્તાવેજોની સંખ્યા વધી જતાં સ્લોટ વધારાયો છે. મુન્દ્રાની સબ રજિસ્ટ્રાર કચેરીમાં કામકાજનો સમય સવારે 10.30ના બદલે વધારીને 9 વાગ્યાનો કરી દેવામાં આવ્યો છે.

NP/ જયદીપ વૈષ્ણવ

---

## ગુજકેટ પરીક્ષા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) ની પરીક્ષા તા.31 માર્ચના લેવાશે, આગામી રવિવારે કચ્છની 117 શાળામાં આ પરીક્ષા લેવાશે. જેથી તે દિવસે સવારે 6થી સાંજે 6 વાગ્યા સુધી પરીક્ષા કેન્દ્રોની આસપાસ 100 મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઇપણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં 5 કરતા વધારે લોકોએ એકઠા થવા સહિતની બાબતો પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મિતેશ પંડયાએ જાહેરનામું બહાર પાડીને પ્રતિબંધના આદેશ જારી કર્યા છે.

NP/ જયદીપ વૈષ્ણવ

---

## ડ્રાઈવિંગ ટેસ્ટ

રાજ્યની તમામ આરટીઓ કચેરીમાં તાંત્રિક ક્ષતિના કારણે ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાની કામગીરી બંધ છે ત્યારે ભુજની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીમાં ઓટોમેટેડ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક ટેકનિકલ ક્ષતિના કારણે બંધ રહેશે.જેથી તા.26 અને 27 માર્ચ ના દ્વિચક્રી અને ચાર ચક્રી વાહનોની ડ્રાઇવિંગ ટેસ્ટ લેવાની કામગીરી બંધ રહેશે.

NP/ જયદીપ વૈષ્ણવ

---

## આઈ.પી.એલ

**આઈપીએલમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે 7.30 વાગે શરૂ થશે. ગુજરાત ટાઇટન્સ, શુભમગીલની તો મુંબઈ ઇન્ડિયન્સ હાર્દિક પંડ્યાની કપ્તાની હેઠળ મેચ રમશે.આઈપીએલ મેચને ધ્યાને લઈ અમદાવાદ મેટ્રો સેવાએ ખાસ પેપરટીકીટ આપવાનો નિર્ણય લીધો છે.**

NP/ જયદીપ વૈષ્ણવ

---